## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ

## પી.એચ.ડી. પ્રવેશ પરીક્ષા – ૨૦૧૭ અંગેના નિયમો અને સુચનાઓ

| ક્રમ | સુચનાઓ |
|---|---|
| ૦૧ | પી.એચ.ડી. પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. આ ફોર્મ તા. ૧૦-૦૮-૨૦૧૭ થી તા. ૨૮-૦૮-૨૦૧૭ સુધી www.admission.saurashtrauniversity.edu વેબસાઈટ પર ભરી શકાશે. |
| ૦૨ | શૈક્ષણીક લાયકાતના ધોરણો:- OPEN કેટેગરીના વિધાર્થીઓ માટે અનુસ્નાતક પરીક્ષામાં 55% (ગ્રેસીંગ સિવાય) અને SC,ST,OBC(SEBC) તથા PH કેટેગરીના વિધાર્થીઓ માટે અનુસ્નાતક પરીક્ષામાં 50% (ગ્રેસીંગ સિવાય) ગુણ જરૂરી છે. |
| ૦૩ | <u>પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ</u> : જે વિધાર્થીઓએ UGC, NET, SLET, GATE, M.Phil, CSIR(JRF) ની પરીક્ષાઓ પાસ કરેલી હોય તેઓને પીએચ.ડી. પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવે છે. જેથી આવા વિધાર્થીઓએ પી.એચ.ડી. પ્રવેશપરીક્ષા ફોર્મ ભરવાનુ રહેતુ નથી. |
| ૦૪ | <u>પ્રવેશ પરીક્ષા ફી</u> : રૂ. ૫૦૦/- + ઓનલાઇન પેમેન્ટ ગેટવે ચાર્જ (પ્રવેશ પરીક્ષા ફી નોન રીફંડેબલ છે.) |
| ૦૫ | પ્રવેશ પરીક્ષાના વિષયોની યાદી તેમજ પ્રવેશ પરીક્ષાનુ માધ્યમ અને અભ્યાસક્રમ તેમજ વિષયવાર પી.એચ.ડી.ની અંદાજીત ખાલી સીટોની માહિતી વેબસાઇટ પર પ્રસિધ્ધ કરેલી છે. |
| ૦૬ | પીએચ.ડી પ્રવેશ પરીક્ષાના ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિધાર્થીઓએ સ્વપ્રમાણિત અનુસ્નાતક પરીક્ષાની માર્કશીટ, જાતી – પ્રમાણપત્ર, ખોડ ખાપણનું પ્રમાણપત્ર, પોતાની સહી અને ફોટોગ્રાફ અપલોડ કરવાનો રહેશે. OBC (SEBC) કેટેગરીના વિધાર્થીઓએ સરકારશ્રીના નિમનો મુજબનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર ભવનના અધ્યક્ષ સમક્ષ ડી.આર.સી. સમયે રજુ કરવાનુ રહેશ. તે વેબસાઇટ પર અપલોડ કરવાનુ નથી. |
| ૦૭ | રજીસ્ટ્રેશન ફોર્મ સંપુર્ણ ભર્યા બાદ આપના મોબાઇલ પર Login ID & Password નો SMS આવશે. રજીસ્ટ્રેશન ફોર્મ સબમીટ કર્યા બાદ આપે ફીનુ ઓનલાન પેમેન્ટ કરવાનુ રહેશે. ફીનુ પેમેન્ટ ડેબીટ કાર્ડ, ક્રેડીટ કાર્ડ અથવા ઇન્ટરનેટ બેંકિગ દ્વારા થઇ શક્શે. ઓનલાઇન ફીનુ પેમેન્ટ સફળતાપુર્વક થયા બાદ આપની રીસીપ્ટની પ્રીન્ટ લઇ શકશે. જો ઓનલાઇન ફીનુ પેમેન્ટ સફળતા પુર્વક ન થયુ હોય તો Login & Password થી ફરીથી Login થઇ આપે ફીનુ પેમેન્ટ કરવાનુ રહેશે. |
| ૦૮ | વિધાર્થીઓએ પીએચ.ડી પ્રવેશપરીક્ષા ફોર્મની પ્રિન્ટ તથા અન્ય કોઇ ડોક્યુમેન્ટ હાર્ડકોપીમા યુનિવર્સિટીમાં જમા કરાવવાનાં નથી. |
| ૦૯ | પી.એચ.ડી. પ્રવેશ પરીક્ષા ઓનલાઈન લેવામાં આવશે. આ પરીક્ષાનું કેન્દ્ર રાજકોટ રહેશે. વિધાર્થીઓના સીટ નંબર, પરીક્ષાની તારીખ, સમય, કેન્દ્ર સ્થળ વિગેરેની માહીતી વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. |
| ૧૦ | <u>પ્રશ્નપત્રનું માળખુ</u> : ૧૦૦ બહુવૈકલ્પિક પ્રશ્નો(Multiple Choice Questions) ૧૦૦ ગુણ, સમય :૦૨ કલાક, ખોટા જવાબ માટે નકારાત્મક ગુણ પ્રદાન પ્રણાલી નથી. ( No Negative Marking for Wrong Answer) ૫૦ ગુણના પ્રશ્ન સંશોધનની પધ્ધતિઓ (Research Methodology) અને ૫૦ ગુણના પ્રશ્નો સંબધિત વિષયના પુછવામાં આવશે. |
| ૧૧ | <u>પ્રવેશ પરીક્ષાનું પરીણામ</u> : પરીક્ષાનો સમય પુર્ણ થતા જ આપના કોમ્પ્યુટર સ્ક્રીન પર આપે પરીક્ષામાં મેળવેલ ગુણ જોવા મળશે. યુનિવર્સિટીના રેકોર્ડ પ્રમાણે ના ગુણ માન્ય ગણાશે. |

| | |
|---|---|
| ૧૨ | પ્રવેશ પરીક્ષાના પાસીંગના ધોરણો : યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૬ મુજબ પ્રવેશ પરીક્ષામાં પાસીંગના ધોરણો બધાજ વિધાર્થીઓ માટે ૫૦% ગુણ જરૂરી છે. |
| ૧૩ | અનુસ્નાતક પદવી જે વિષયમાં હોય તે જ વિષયમાં / SU O. Ph.D. – 5.4.1 મુજબ પી.એચ.ડી. પ્રવેશ પરીક્ષા આપી શકાશે. |
| ૧૪ | પી.એચ.ડી. પ્રવેશ પરીક્ષા સમયે વિધાર્થીઓએ ઉપરોક્ત વેબસાઈટ પરથી પોતાના Login & Passwordથી પોતાની હોલ ટીકીટ ડાઉનલોડ કરી પરીક્ષા સમયે સાથે રાખવાની રહેશે. વેબસાઈટ પરથી હોલ ટીકીટ ડાઉનલોડ કરવાનો મેસેજ આપના મોબાઈલ પર આવશે ત્યારબાદ જ આપે હોલ ટીકીટ ડાઉનલોડ કરવાની છે. તેમજ પોતાની અનુસ્નાતક પદવી માર્કશીટમાં દર્શાવેલ નામ મુજબનું નીચેના પૈકી કોઈપણ એક ઓરીજીનલ ફોટો આઈડીપ્રૂફ પરીક્ષા સમયે સાથે રાખવાનું રહેશે. 01. ચુંટણી કાર્ડ 02. આધાર કાર્ડ 03. ડ્રાઈવીંગ લાઈસન્સ 04. પાસપોર્ટ 05. પાન કાર્ડ 06. બેંક પાસબૂક ફોટોગ્રાફ સાથે 07. કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા ઇસ્યુ થયેલ ફોટો ઓળખપત્ર |
| ૧૫ | પ્રવેશ પરીક્ષામાં કેલક્યુલેટર, મોબાઈલ કે અન્ય કોઈપ્રણ પ્રકારના ઈલેક્ટ્રોનીક્સ ઉપકરણનો ઉપયોગ કરવાની કે સાથે લઈ જવાની મનાઈ છે. |
| ૧૬ | પ્રવેશ પરીક્ષાના ફોર્મમાં વિધાર્થીઓએ જે ડોક્યુમેન્ટસ અપલોડ કરેલા છે તે ડી.આર.સી. (Department Research Committee) ની મીટીંગ સમયે ઓરીજીનલ ડૉક્યુમેન્ટસ જે-તે ભવનના અધ્યક્ષ સમક્ષ વેરીફાઈ કરાવવાના રહેશે. OBC (SEBC) કેટેગરીના વિધાર્થીઓએ સરકારશ્રીના નિમનો મુજબનું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર આપવાનું રહેશે. |
| ૧૭ | વિસ્યુઅલ હેંડિકેપ (Visual Handicap) કેટેગરીના વિધાર્થીઓએ રાઇટર માટેની પરવાનગી અગાઉથી મેળવવાની રહેશે. |
| ૧૮ | જે વિષયમાં પી.એચ.ડી.ની ઉપલબ્ધ સીટ હશે તે વિષયની જ ડી.આર.સી. (Department Research Committee) ની પ્રક્રીયા કરવામાં આવશે. |
| ૧૯ | આ પ્રવેશ પરીક્ષા સંબંધીત અન્ય માહિતીઓ સમયાંતરે www.admission.saurashtrauniversity.edu વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. વધુ માહિતી માટે વિધાર્થીઓએ વેબસાઈટની મુલાકાત કરવાની રહેશે. |
| ૨૦ | પી.એચ.ડી. પ્રવેશ પરીક્ષા સંબંધીત કોઈપણ પ્રકારના આખરી નિર્ણય લેવાની સત્તા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રહેશે. |